# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 23-09-2022 સવારે : 7.00 થી 7.10

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સ્ટેચ્યૂ ઓફ યુનિટીના એકતાનગર ખાતે રાજ્યના તમામ પર્યાવરણમંત્રીઓની બે દિવસીય પરિષદને વીડિયો કોન્ફરન્સીંગના માધ્યમથી ઉદ્ઘાટન કરશે.
- ✓ આરોગ્ય અને પરિવાર વિભાગના હેલ્થ વર્કર કર્મચારીઓના પગારમાં માસિક ચાર હજાર રૂપિયાનો વધારો રાજ્ય સરકારે કર્યો છે.
- ✓ હેલ્થ કર્મચારીઓને 130 દિવસનો કોવિડ ડ્યૂટીનો રજા પગાર ચૂકવવામાં આવશે.
- ✓ રાજ્યમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં વધુ મતદાન થાય તે માટે રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતીએ ચાર જુદી જુદી સંસ્થાઓ સાથે સમજૂતી કરાર કર્યા.
- ✓ નવરાત્રિમાં રાત્રીના બાર વાગ્યા સુધી લાઉડ સ્પીકર વગાડવાની મંજૂરી આપવામાં આવતા ખેલૈયાઓમાં આનંદની લાગણી ફેલાઈ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ગુજરાતના એકતાનગર ખાતે આયોજીત પર્યાવરણ મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે તેઓ સભાને પણ સંબોધિત કરશે. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાષ્ટ્રીય પરિષદમાં હાજરી આપશે.

સહકારી સંઘવાદની ભાવનાને આગળ વધારતા, કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે વધુ સુમેળ બનાવવા માટે પરિષદ બોલાવવામાં આવી રહી છે , જેમાં બહુપક્ષીય અભિગમ દ્વારા પ્લાસ્ટિક પ્રદૂષણને નાબૂદ કરવા , લાઇફ-પર્યાવરણ માટે જીવનશૈલી

જેવા મુદ્દાઓ પર વધુ સારી નીતિઓ ઘડવામાં આવી રહી છે. તે ક્ષીણ થયેલી જમીનની પુનઃસ્થાપના અને વન્યજીવ સંરક્ષણ પર વિશેષ ભાર સાથે વન વિસ્તાર વધારવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.

આજે અને આવતીકાલે આયોજિત બે દિવસીય કોન્ફરન્સમાં છ વિષયવાર સત્રો હશે, જેમાં લાઇફ, કોમ્બેટિંગ ક્લાઈમેટ ચેન્જ પરિવેશ , ફોરેસ્ટ્રી મેનેજમેન્ટ, પ્રદૂષણનું નિવારણ અને નિયંત્રણ , વન્યજીવન વ્યવસ્થાપન ; પ્લાસ્ટિક અને વેસ્ટ મેનેજમેન્ટ (ઉત્સર્જનના ઘટાડા માટે ક્લાઈમેટ ચેન્જ પર સ્ટેટ એક્શન પ્લાન અપડેટ કરવા અને ક્લાઈમેટ ઈમ્પેક્ટ્સ માટે અનુકૂલન) પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

.................

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણા જિલ્લાના પ્રખ્યાત તરભના શ્રી વાળીનાથ મહાદેવ મંદિરના વિકાસ અને જિર્ણોધ્ધારના કામો માટે પાંચ કરોડ 32 લાખ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

અંદાજે ૯૦૦ વર્ષ જૂના અને અખિલ ભારતીય રબારી સમાજના ધર્મગુરૂની ગાદી સ્થાન શ્રી વાળીનાથ મહાદેવ મંદિરમાં આ રકમમાંથી કંપાઉન્ડ વોલ , રોડ, યાત્રિ સુવિધા શેડ , શૌચાલય, પાર્કિંગ વ્યવસ્થા જેવી વિવિધ સુવિધાઓ વિકસાવવામાં આવશે.

.................

આરોગ્ય અને પંચાયત વિભાગના હેલ્થ વર્કર કર્મચારીઓને પગારમાં માસિક ચાર હજાર રૂપિયાના વધારો રાજ્ય સરકારે કર્યો છે.

પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે, છેલ્લા ૪૨ દિવસથી આરોગ્ય અને પંચાયત વિભાગ હસ્તકના FHW,FHS, MPHW અને MPHS કર્મીઓ ફરજ ઉપર ગેરહાજર રહ્યા હોવાથી રાજ્યના ગરીબ અને જરૂરતમંદ સામાન્ય નાગરિકોને આરોગ્યલક્ષી સેવાઓમાં ખૂબ જ માઠી અસર થઈ રહી છે. આ હેલ્થ વર્કર કર્મચારીઓની કેટલીક વ્યાજબી અને મહત્વપૂર્ણ માંગણીઓ રાજ્ય સરકારે સ્વીકારી છે. આવતી કાલથી જ ફરજ પર હાજર થઈ જવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો છે.

શ્રી વાઘાણીએ રાજય સરકારે લીધેલા નિર્ણયો અંગે માહિતી આપતા જણાવ્યું કે, હેલ્થ વર્કર કર્મચારીઓના પગારમાં માસિક 4 હજાર રૂપિયાનો વધારો કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. તે ઉપરાંત આ હેલ્થ વર્કર કર્મીઓને ૧૩૦ દિવસનો કોવિડ ડયુટીનો રજા પગાર પણ આપવામાં આવશે. જ્યારે PTA ફેરણી ભથ્થા અંગેની આ કર્મચારી મંડળની માંગ સ્વીકારીને ૮ કિ.મીની મર્યાદા દૂર કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, તાજેતરમાં કર્મચારીહિતલક્ષી લેવાયેલા ૧૫ જેટલા ઐતિહાસિક નિર્ણયોના લાભો પણ આ તમામ કર્મચારીઓને મળવાના જ છે ત્યારે સાતમા પગાર પંચ મુજબના ભથ્થાના લાભ મળવા સહિતના લેવાયેલા વિવિધ નિર્ણયો અંતર્ગત ઠરાવો પણ આગામી ત્રણ દિવસમાં થઈ જશે.

.................

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીમાં મતદારોની સહભાગિતા સુનિશ્ચિત કરવા રાજ્ય ચૂંટણીપંચે ત્રણ જુદી જુદી સંસ્થાઓ સાથે સમજૂતી કરાર કર્યા છે.

ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા યુવાનો તેમના નામની મતદાર યાદીમાં ચકાસણી કરે , પોતે મતદાન કરે અને પોતાના વાલીને પણ મતદાન કરવા પ્રેરિત કરે તે માટે જાગૃતિ કેળવવા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી તથા કમિશનરશ્રી , ઉચ્ચ શિક્ષણ સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.

મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી દ્વારા ગુજરાત વડી અદાલતના તમામ વકીલો મતદાન કરે તે માટે ધ ગુજરાત હાઈકોર્ટ એડવોકેટસ્ એસોસિએશન સાથે MoU કરવામાં આવ્યા છે. એડવોકેટસ્ની મતદાનમાં ૧૦૦ ટકા સહભાગિતા સુનિશ્ચિત કરવાની સાથે સાથે તેમની સાથે સંલગ્ન અદાલતની અન્ય કચેરીઓ-શાખાઓના કર્મચારીઓ પણ મતદાન કરે તે માટે જાગૃતિ કેળવવા એસોસિએશન પ્રયત્નબદ્ધ થશે તેવા વિશ્વાસ સાથે ધ ગુજરાત હાઈકોર્ટ એડવોકેટસ્ એસોસિએશનના ખજાનચીશ્રી ડી.એ. દવે દ્વારા મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ધ ફેડરેશન ઑફ ગુજરાત સ્ટેટ કેમિસ્ટસ્ એન્ડ ડ્રગિસ્ટસ્ એસોસિએશન સાથે સંકળાયેલા રાજ્યભરના કેમિસ્ટસ્ એન્ડ ડ્રગિસ્ટસ્ સુધી ચૂંટણીલક્ષી શિક્ષણ અને જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી રાજ્ય ચૂંટણી તંત્ર દ્વારા સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. આ ફેડરેશન દ્વારા તેમના સભ્યો અને તેમના પરિવારજનોના નામ મતદારયાદીમાં નોંધાય અને મતદાન કરે તે માટે મતદાર જાગૃતિલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. સાથે જ મતદાનના દિવસે અચૂક મતદાન કરે તે માટે પ્રોત્સાહન આપવામાં આવશે. ધ ફેડરેશન ઑફ ગુજરાત સ્ટેટ કેમિસ્ટસ્ એન્ડ ડ્રગિસ્ટસ્ એસોસિએશનના પ્રમુખશ્રી જશવંત પટેલ અને મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

.................

આઝાદી કા અમૃત મહોત્સવ (પ્રોમો)

.................

માતાની શક્તિ અને ભક્તિની આરાધનાનાં પર્વ નવરાત્રિને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે રાજ્ય સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે.

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, ગુજરાતમાં નવરાત્રિના પર્વનું અનોખું મહત્વ છે અને બે વર્ષ બાદ જ્યારે નવરાત્રિના ગરબાનું આયોજન થઈ રહ્યું છે ત્યારે ગુજરાતની જનતાની લાગણી અને માંગણીને ધ્યાનમાં રાખીને ખૈલેયાઓ માટે રાત્રિના બાર વાગ્યા સુધી લાઉડસ્પીકર વગાડવાની મંજૂરી આપી છે. આ પહેલા ફક્ત 10 વાગ્યા સુધી જ લાઉડ સ્પીકર વગાડી શકાતા હતા. તેમાં બે કલાકનો વધારો કરાયો છે.

રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયાએ આ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે કે, નવરાત્રિમાં તમામ સોસાયટી, ફળીયા અન મહોલ્લામાં તો બીજી તરફ કોમર્શિયલ પાર્ટી પ્લોટ અને ક્લબમાં પણ સમય મર્યાદા બાર વાગ્યાની રાખવામાં આવી છે.

નવરાત્રિના નવ દિવસ ઉપરાંત દશેરાના દિવસે પણ રાત્રે બાર વાગ્યા સુધી લોકો ગરબે ઘૂમી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત આ જાહેરનામામાં સામાજિક સંસ્થાઓ, હોસ્પિટલો કે જ્યાં વડીલો તેમજ બીમાર લોકો રહેતાં હોય તેમને તકલીફ ન થાય તે માટે પણ ખાસ સૂચન કરવામાં આવ્યું છે.

.................

કચ્છ જિલ્લા નિવાસી અધિક કલેકટરશ્રી મિતેશ પંડયાના અધ્યક્ષસ્થાને ભૂજમાં ચૂંટણી નોડલ અધિકારીશ્રીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા અધિક નિવાસી કલેક્ટરશ્રીએ આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં રાખીને ચૂંટણીલક્ષી વિવિધ બાબતોનાં નિમાયેલા નોડલ અધિકારીશ્રીઓને પૂર્વ તૈયારીઓ સંબંધિત માર્ગદર્શન-સૂચના આપ્યા હતા.

ચૂંટણીમાં ભાગ લેનારા સ્ટાફ માટે તાલીમ, ઈવીએમ/વીવીપેટ મેનેજમેન્ટ, સંગ્રહ અને પરિવહન, મટીરીયલ મેનેજમેન્ટ, ખર્ચ અને આદર્શ આચારસંહિતા , કાયદો અને વ્યવસ્થા, બેલેટ પેપર , મીડિયા સંબંધિત વ્યવસ્થાઓ , કમ્પ્યુટરાઈઝેશન, વોટર હેલ્પલાઈન, મતદાર અને મતદાન જાગૃતિ સંબંધી પ્રવૃતિઓ સહિતની બાબતોનાં નોડલ અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરતા ચૂંટણીની સંભવિત તારીખ પહેલા તમામ પૂર્વ તૈયારીઓ સુચારૂપણે પૂર્ણ થઈ જાય તે સુનિશ્ચિત કરવા અને તે રીતે આયોજન કરવા અંગે માર્ગદર્શન-નિર્દેશ આપ્યા હતા.

.................

દાહોદ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. હર્ષિત ગોસાવી અને જિલ્લા એસ.પી. શ્રી બલરામ મીણાએ ગરબાડા એસ.ટી વિધાનસભા અને ધાનપુર તાલુકામાં સમાવિષ્ટ સંવેદનશીલ, ઓછા ટકાવારી ધરાવતા ૧૪ ગામોના ૨૩ મતદાન મથકોની મુલાકાત લીધી હતી.

અને મતદાન ટકાવારી કઈ રીતે વધે તે અંગે સબંધિત ચુંટણી અધિકારીઓને જરૂરી સૂચનો કર્યાં હતાં. તેમજ અહીંના ગ્રામજનો મોટી સંખ્યામાં મતદાન પ્રક્રિયામાં ભાગ લે તે માટે લોકજાગૃતિના કાર્યક્રમો યોજવા જણાવ્યું હતું.

.................

રાજકોટ શહેરના કાલાવડ રોડ પર નવનિર્મિત સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને સ્પોર્ટસ હોસ્ટેલનું રાજ્યના ગૃહ અને રમતગમત મંત્રીશ્રી હર્ષ સંઘવી Eps લોકાર્પણ કરશે.

આ લોકાર્પણ કાર્યક્રમ પ્રસંગે રાજ્ય કક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી અરવિંદભાઈ રૈયાણી, મેયરશ્રી ડો.પ્રદીપ ડવ , જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભુપતભાઈ બોદર, સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા સહિતના અગ્રણીઓ હાજર રહેશે.

.................

ભાવનગરમાં નેશનલ ગેમ્સ જાગૃતિ અર્થે સાયક્લોથોન કાર્યક્રમ યોજાયો . ૩૬ નેશનલ ગેમ્સ બાબતે યુવાનોમાં જાગૃતિ કેળવાય એ હેતુથી ભાવનગરમાં સાયકલોથોન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાવનગર ખાતે યોજાયેલ સાયકલોથોનને ફ્લેગ ઓફ મેયરશ્રી કીર્તિબાળા દાણીધારીયાએ કરાવ્યો હતો. ત્યારબાદ આ સે-સાયક્લોથોન રૂપાણી સર્કલ થી શરૂ કરી સરદારનગર-સંસ્કાર મંડળ-વીલિંગ્ટન સર્કલ-પાણીની ટાંકી-સેન્ટ્રલ સોલ્ટ-આતાભાઈ ચોક થઈને રૂપાણી સર્કલે પૂર્ણ થઈ હતી.

.................

દિવમાં હર ઘર જલ કાર્યક્રમ અંતર્ગત સેવા સપ્તાહની ઉજવણી કરાઇ રહી છે ત્યારે આજે દીવ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર 6 મા ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો કર્મચારીઓ ઘરે ઘરે જઈ લોકોને પાણીનો સદુપયોગ કરવો , પાણી કઈ રીતે બચાવવું વરસાદના પાણીનો સંગ્રહ તથા પાણીની મહત્વતા ની જાણકારી આપી રહ્યા છે.

હર ઘર સંવાદ માં દીવ જિલ્લા પંચાયત પ્રમુખ અમૃતાબેન ઝોલાવાડી ગ્રામ પંચાયતના સરપંચ મનિષા બેન સંજય વાજા દીવ જિલ્લા પંચાયત સભ્ય લક્ષ્મીબેન મોહન તથા દીવ નગરપાલિકા તથા પંચાયત વિસ્તારના ચૂંટાયેલા સભ્યો જોડાયા હતા.

.................

માતાના મઢથી દર્શન કરીને મોરબી પરત જઈ રહેલાં પરિવારને ગાંધીધામ નજીક અકસ્માત થતાં 2 બાળકોના મોત થયા છે તો અન્ય 5 વ્યક્તિ ઇજાગ્રસ્ત બન્યા છે. અમારા કચ્છ ના પ્રતિનિધિના જણાવ્યા અનુસાર આ પરિવાર છકડામાં બેસીને પરત જતાં હતા ત્યારે ટ્રક-ટ્રેલરે ટક્કર મારતાં બે બાળકોના મૃત્યુ નીપજ્યાં હતા જ્યારે અન્ય પાંચ લોકોને ગંભીર ઈજા થઈ છે.

ઘટના અંગે ગાંધીધામ બી ડિવિઝન પોલીસે સ્થળ પર દોડી જઈ તપાસ હાથ ધરી હતી અને ઇજાગ્રસ્ત વ્યક્તિઓને વિવિધ હોસ્પિટલમાં ખસેડાયાં હતા

.................

દક્ષિણ પૂર્વ મધ્ય રેલવેના બિલાસપુર ડિવિઝનના રાયગઢ-ઝારસુગુડા સેક્શનના ઈબ સ્ટેશન પર ચોથી લાઇન કનેક્ટિવિટી માટે નોન-ઇન્ટરલોકિંગ કાર્યને કારણે , રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો રદ રહેશે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફ ના જણાવ્યા અનુસાર , 28 અને 29 સપ્ટેમ્બર ની પોરબંદર-શાલીમાર સુપરફાસ્ટ એક્સપ્રેસ

23, 24, 30 સપ્ટેમ્બર અને 1 ઓક્ટોબર ની શાલીમાર - પોરબંદર સુપરફાસ્ટ એક્સપ્રેસ તો 25મી સપ્ટેમ્બર, ની ઓખા-શાલીમાર સુપરફાસ્ટ એક્સપ્રેસ 27 સપ્ટેમ્બર, ની શાલીમાર-ઓખા સુપરફાસ્ટ એક્સપ્રેસ 23 સપ્ટેમ્બર, ની પોરબંદર-સંતરાગાચી કવિગુરુ એક્સપ્રેસ અને 25 સપ્ટેમ્બર, ની સંત્રાગાચી-પોરબંદર કવિગુરુ એક્સપ્રેસ રદ કરવામાં આવી છે.

.................